## જન્મદિને વધામણી



દુષ્યંતકુમાર શ્રીમાળી
સામાજિક અગ્રણી
મો. ૯૮૨૪૧ ૧૬૭૨૫



વિમલ શુક્લ
મો. ૭૦૧૬૬ ૧૦૫૬૦

# એસ.કે.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ, એમ.સી.એ. કોલેજમાં રાજ્યકક્ષાની ઈવેન્ટ






ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલીત તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.કે.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ, એમ.સી.એ. કોલેજ, માં ૯-૧૦ ફેબ્રુઆરી-૨૦૧૯ દરમ્યાન બે દિવસીય રાજ્યકક્ષાની ટેકનિકલ ઈવેન્ટ "સ્પાર્ક-૨૦૧૯" નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રાજ્યકક્ષાની ઈવેન્ટમાં રાજ્યની જુદી જુદી બી.સી.એ. તથા બી.કોમ. કોલેજોમાંથી કુલ ૧૭૩ વિદ્યાર્થીઓએ ૧૪ અલગ અલગ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. આ ઈવેન્ટ વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજયભાઈ એમ. શાહે જણાવ્યું હતું કે આ રાજ્યકક્ષાની ઈવેન્ટના ઉદઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી જય વોરા, એમ.ડી., સર્પન્ટ કન્સલટીન્ગ સર્વિસીસ લિમિટેડ, અને શ્રી પાર્થ શાહ, એમ.ડી., પીચ ટેકનોવેશન્સ પ્રા. લી., હાજર રહી વિદ્યાર્થીઓને કમ્પ્યુટર યુગમાં હાલ શું ચાલી રહ્યું છે અને વિદ્યાર્થીઓએ કમ્પ્યુટર ક્ષેત્રમાં જ કેમ આગળ આવવું તેની ખુબજ ઉપયોગી માહિતી આપી હતી.

આ ઈવેન્ટમાં કોલેજના ડાયરેક્ટર ડો. એસ.એમ.શાહ, યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી એસ.કે.મંત્રાલા સહિત યુનિવર્સિટીના અન્ય હૅદ્દેદારો, કોલેજના પ્રધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

આ ઈવેન્ટની સાથે સાથે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૫૮ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને કોલેજના હાલના વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

"સ્પાર્ક-૨૦૧૯" નું સંપૂર્ણ આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજયભાઈ એમ.શાહના માર્ગદર્શન હેઠળ ડો.રાકેશ ભટનાગર અને પ્રો. સ્નેહલ રીડાણી સાથે અન્ય પ્રાધ્યાપકો દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર- ચિલોડા ખાતે વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોની જાણકારી અપાઈ







ગાંધીનગર, તા. ૧૨

આજની ભાગદોડ ભરેલી જિંદગીની દોડાદોડમાં રસ્તા ઉપર જતા અકસ્માતોથી બચવા માટે ટ્રાફિકના નિયમોની જાણકારી ખૂબ જ આવશ્યક છે. આ સાવચેતીના હેતુસર સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર- ચિલોડા ખાતે વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમોની જાણકારીથી પરિચીત કરાવવામાં આવ્યા. શાળાના કેમ્પસમાં ટ્રાફિકના નિયમોની જાણકારી આપવામાં આવી જેમાં ગાંધીનગર આરટીઓમાં થી આવેલ શ્રી સી. ડી. પટેલ તથા શ્રી દીક્ષિત પટેલ અને સમસ્ત ટીમ વાન કર્મચારીઓ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ટ્રાફિકના નિયમોને જાણે અને નિયમોનું પાલન કરે તે હેતુસર સફળતાપૂર્વક આ આયોજન કરવામાં આવ્યું.

# શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વાલી ચિંતન શિબિરનું આયોજન





ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૯મી ફેબ્રુઆરીએ ધોરણ-૧ અને ૨ ની વાલી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ બાળાઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ વિદ્યાર્તીઓ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો, માતાપિતા, વૃક્ષ તથા વિવિધ તહેવારોના વિષય પર પોતાના સુંદર વિચારો રજૂ કર્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માયાબેન કે. પટેલે કર્યું હતું તથા ધોરણ-૧ અને ૨ના તમામ વર્ગશિક્ષક મિત્રોએ અને મનાલીબેને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું ખૂબ જ સારી રીતે તૈયાર કર્યા હતાં આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કિરણબેન પટેલ તથા હિનલબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નીરુબેન પટેલ દ્વારા અને સુપરાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સફળ વાલી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સેન્ટ ઝેવિયર્સના સ્કેટીંગ રીંગ ખાતે બીએસકે૮ ટીમ દ્વારા રૉલબોલ રમવાનું આયોજન




ગાંધીનગર, તા. ૧૨

ભારતભરમાં ૯મી ફેબ્રુઆરીએ રૉલ બોલની રમતને ૧૬ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સાંજે ૪ થી ૫ વાગ્યા દરમ્યાન દેશના અનેક રાજ્યોમાં જિલ્લા તથા શાળાકક્ષાએ રૉલબોલની રમત રમવાનું આયોજન કરાયું હતુ. સ્કેટીંગ વ્હીલ્સ સાથે રમવામાં આવતી આ રમતને એક સાથે દેશભરમાં સૌથી વધુ સ્થળોએ રમવાનો વિક્રમ રૉલબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યો જેને એશિયા બુક ઓફ રેકોર્ડ્સ તથા ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન પ્રાપ્ત થયું છે. ગાંધીનગરમાં પણ સેક્ટર-૮માં સેન્ટ ઝેવિયર્સના સ્કેટીંગ રીંગ ખાતે બીએસકે૮ ટીમ દ્વારા રૉલબોલ રમવાનું આયોજન કરાયુ હતુ. જેને ટીમના ૩૧ ખેલાડીઓ સાથે રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આ ટીમના કોચ ભાર્ગવ આયરે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી - વિનસ ખાતે એક દિવસીય વર્કશોપ





ગાંધીનગર, તા. ૧૨

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર ની આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી - વિનસ ખાતે કમ્પ્યુટર એન્જિઈરિંગ ના વિદ્યાર્થીઓ માટે એડવાન્સ જાવા ટેક્નોલોજી પર નિષ્ણાત દ્વારા એક દિવસીય વર્કશોપ નું આયોજન તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ નાં રોજ યુનિવર્સિટી કેમ્પસ માં કરેલું હતું. જેમાં ૦૬ અને ૦૮ સત્ર ના ૫૦ થી વધુ કમ્પ્યુટર એન્જિનિરીંગ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શ્રી ઈશાન પંચાલ, જાણીતા આઈટી વ્યાવસાયિક, આ વર્કશોપ ના મુખ્ય વક્તા તરીકે પધાર્યા હતા. આ વર્કશોપ માં એડવાન્સ જાવા ના જેએસપી એન્ડ સરવર્લેટ ચર્ચા ના મુખ્ય વિષય રહ્યા હતા. ઈશાન ભાઈએ પોતાના વર્કશોપ માં વિદ્યાર્થીઓ ને અલગ અલગ પ્રોગ્રામિંગ ની પ્રવૃત્તિઓ કરાવી હતી અને તાજેતર માં માર્કેટ માં ઉપલબ્ધ નવી ટેક્નોલોજી થી માહિતગાર કાર્ય હતા.

પ્રોગ્રામિંગ ના કોન્સેપટ વાસ્તવિક તકનીક સાથે કઈ રીતે સાંકળી શકાય તે વિષે ની વિગતવાર માહિતી આપી હતી.

આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી - વિનસ ના કમ્પ્યુટર શાખા ના અધ્યક્ષ શ્રી પ્રેમલ પટેલ જણાવે છે કે, આવા વર્કશોપ દ્વારા ઉદ્યોગઓ માં રહેલી જરૂરિયાત, તેમાં ચાલી રહેલી અદ્યતન ટેક્નોલોજી અને વિદ્યાર્થીઓ ના થિયોરી જ્ઞાન વચ્ચેનું અંતર દૂર થાય છે અને વિદ્યાર્થીઓ ને પ્રેક્ટિકલ જાણકારી માં વધારો થાય છે. તદ્દ ઉપરાંત આઈટી ક્ષેત્રે કામ કરતી વિવિધ કંપનીઓ માં વિદ્યાર્થીઓ માટે નોકરી ની રહેલી વિશાળ તકો અને કાર્ય પદ્ધતિ થી વિદ્યાર્થીઓ પરિચિત થાય છે.

# મહાત્માને પહેલો કેસ

મુંબઈમાં એક તરફથી કાયદાનો અભ્યાસ શરૂ થયો. બીજી તરફથી ખોરાકના અખતરા; અને તેમાં મારી સાથે વીરચંદ ગાંધી જોડાયા. ત્રીજી તરફથી ભાઈનો પ્રયાસ મારે સારુ કેસ શોધવાનો શરૂ થયો.

કાયદા વાંચવાનું કામ ઢીલું ચાલ્યું. 'સિવિલ પ્રોસિજર કોડ' કેમે ગળે ઊતરે નહીં. પુરાવાનો કાયદો ઠીક ચાલ્યો. વીરચંદ ગાંધી સૉલિસિટરની તૈયારી કરતા, એટલે વકીલોની ઘણી વાતો કરે. 'ફિરોજશાની હોશિયારીનું કારણ તેમનું કાયદાનું અગાધ જ્ઞાન છે. તેમને 'એવિડન્સ ઍક્ટ' તો મોઢે જ છે. બત્રીસમી કલમ ઉપરના એકેએક કેસ તેઓ જાણે. બદરુદ્દીનની બાહોશી તો એવી છે કે જ'જો તેમનાથી અંજાઈ જાય છે. તેમની દલીલ કરવાની શક્તિ અદ્ભુત છે.'

જેમ જેમ આવા અડીખમોની વાતો સાંભળું તેમ તેમ હું ગભરાઉં.

'પાંચસાત વર્ષ સુધી બારિસ્ટર કોર્ટમાં ઢેફાં ભાંગે તે નવાઈ ન ગણાય તેથી જ મેં સૉલિસિટર થવાનું ધાર્યું છે. ત્રણેક વર્ષ પછી તમે ખર્ચ ઉપાડો એટલું કમાઓ તો ઘણું સારું કર્યું કહેવાય.'

દર માસે ખર્ચ પડે. બહાર બારિસ્ટરનું પાટિયું ચોડવું ને ઘરમાં બારિસ્ટરી કરવાને સારુ તૈયારી કરવી! આ મેળ મારું મન કેમે ન મેળવી શકે. એટલે મારું વાચન વ્યાકુળ ચિત્તે ચાલ્યું. પુરાવાના કાયદામાં કંઈક રસ પડ્યાનું હું કહી ગયો. મેઈનનો 'હિંદુ લૉ' ખૂબ રસપૂર્વક વાંચ્યો પણ કેસ ચલાવવાની હિંમત ન આવી. મારું દુઃખ કોને કહું? સાસરે ગયેલી નવી વહુના જેવી મારી સ્થિતિ થઈ!

એટલામાં મમીબાઈનો કેસ મારે નસીબે આવ્યો. સ્મૉલકોઝ કોર્ટમાં જવાનું હતું. 'દલાલને કમિશન આપવું પડશે!' મેં ઘસીને ના પાડી.

'પણ ફોજદારી કોર્ટમાં પંકાયેલા પેલા... મહિને ત્રણ ચાર હજાર પાડનાર પણ કમિશન તો આપે છે.'

'મારે ક્યાં તેના જેવા થાવું છે? મને તો દર માસે રૂ. ૩૦૦ મળે તો બસ થાય. બાપુને ક્યાં વધારે મળતા હતા?'

પણ એ જમાનો ગયો. મુંબઈનાં ખર્ચ મોટાં. તારે વ્યવહાર વિચારવો જોઈએ.'

હું એક ટળી બે ન થયો. કમિશન ન જ આપ્યું. પણ મમીબાઈનો કેસ તો મળ્યો. કેસ સહેલો હતો. મને બ્રીફના રૂ. ૩૦ મળ્યા. કેસ એક દિવસથી વધારે ચાલે તેમ નહોતું.

સ્મૉલકોઝ કોર્ટમાં પહેલવહેલો દાખલ થયો. હું પ્રતિવાદી તરફથી હતો. એટલે મારે ઊલટતપાસ કરવાની હતી. હું ઊભો તો થયો પણ પગ ધ્રુજે, માથું ફરે. મને લાગે કે કોર્ટ ફરે છે. સવાલ પૂછવાનું સૂઝે જ નહીં. જજ હસ્યો હશે. વકીલોને તો ગંમત પડી જ હશે. પણ મારી આંખને ક્યાં કંઈ જોવાપણું હતું!

હું બેઠો. દલાલને કહ્યું, 'મારાથી આ કેસ નહીં ચલાવાય, પટેલને રોકો. મને આપેલી ફી પાછી લો.' પટેલને તે જ દહાડાના એકાવન રૂપિયા આપી રોક્યા. તેમને તો રમતવાત હતી.

150 ગાંધીયાત્રા

હું નાઠો. મને યાદ નથી કે અસીલ જીત્યો કે હાર્યો. હું શરમાયો. પૂરી હિમત ન આવે ત્યાં લગી કેસ ન લેવાનો નિશ્ચય કર્યો ને દક્ષિણ આફ્રિકા ગયો ત્યાં લગી કોર્ટમાં ન જ ગયો. આ નિશ્ચયમાં કશી શક્તિ નહોતી. હારવાને સારુ પોતાનો કેસ મને કોણ આપવા નવરું હોય? એટલે નિશ્ચય વિના પણ મને કોર્ટમાં જવાની તસ્દી કોઈ આપત નહીં!

પણ હજુ એક બીજો કેસ મુંબઈમાં મળવાનો હતો ખરો. આ કેસ અરજી ઘડવાનો હતો. એક ગરીબ મુસલમાનની જમીન પોરબંદરમાં જપ્ત થઈ હતી, મારા પિતાશ્રીના નામને જાણી તેના બારિસ્ટર દીકરા પાસે તે આવેલો. મને તેનો કેસ લૂલો લાગ્યો, પણ મેં અરજી ઘડી દેવાનું કબૂલ કર્યું. છપામણીનું ખર્ચ અસીલે આપવાનું હતું. મેં અરજી ઘડી. મિત્રવર્ગને વંચાવી. તે અરજી પાસ થઈ ને મને કંઈક વિશ્વાસ બેઠો કે, હું અરજી ઘડવા જેટલો લાયક હોઈશ,-હતો પણ ખરો.

પણ મારો ઉદ્યોગ વધતો ગયો. મફત અરજીઓ ઘડવાનો ધંધો કરું તો અરજીઓ લખવાનું તો મળે, પણ તેથી કંઈ છોકરાં ઘૂઘરે રમે?

મેં ધાર્યું કે હું શિક્ષકનું કામ કરી શકું ખરો. અંગ્રેજીનો અભ્યાસ ઠીક કર્યો હતો. એટલે, કોઈ નિશાળમાં મૅટ્રિક્યુલેશન ક્લાસમાં અંગ્રેજી શીખવવાનું કામ મળે તો તે શીખવું. કંઈક ખાડો તો પુરાય!

મેં છાપામાં જાહેરખબર વાંચીઃ 'જોઈએ છે, અંગ્રેજી શિક્ષક. દરરોજનો એક કલાક. પગાર રૂ. ૭૫.' આ એક પ્રખ્યાત હાઈસ્કૂલની જાહેરખબર હતી. મેં અરજી કરી. મને રૂબરૂ મળવાની આશા થઈ. હું હોંશે હોંશે ગયો. પણ જ્યારે આચાર્યે જાણ્યું કે હું બી.એ. નથી, ત્યારે મને દિલગીરીની સાથે રજા આપી.

'પણ મેં લંડનની મૅટ્રિક્યુલેશન પાસ કરી છે. લૅટિન મારી બીજી ભાષા હતી.'

'એ ખરું, પણ અમારે તો ગ્રૅજ્યુએટ જ જોઈએ.'

હું લાચાર થયો. મારા હાથ હેઠા પડ્યા. મોટાભાઈ પણ ચિંતામાં પડ્યા. અમે બંનેએ વિચાર્યું કે મુંબઈમાં વધારે કાળ ગાળવો નિરર્થક છે. મારે રાજકોટમાં જ સ્થિર થવું. પોતે નાના વકીલ હતા; કંઈક ને કંઈક અરજીઓ ઘડવાનું કામ તો આપી જ શકે. વળી રાજકોટના ઘરનું ખર્ચ તો હતું જ. એટલે મુંબઈનો ખર્ચ કાઢી નાખવાથી ઘણો બચાવ થાય એમ હતું. મને સૂચના ગમી. મુંબઈનું ઘર કુલ છએક માસના વસવાટ પછી ઉઠાવ્યું.

મુંબઈમાં રહ્યો તે દરમ્યાન હાઈકોર્ટમાં હું રોજ જતો. પણ ત્યાં કંઈ શીખ્યો એમ ન કહી શકું. શીખવા જેટલી સમજ નહોતી. કેટલીક વેળા તો કેસમાં સમજ ન પડે ને રસ ન પડે ત્યાં ઝોલાં પણ ખાતો. બીજા પણ ઝોલાં ખાનારા સાથી મળતા, તેથી શરમનો બોજો હલકો થતો. છેવટે હાઈકોર્ટમાં બેઠા ઝોલાં ખાવાં એને ફેશન ગણવામાં બાધ નથી એમ સમજતો થયો એટલે તો શરમનું કારણ જ ગયું.

આ યુગમાં પણ મારા જેવા બેકાર બારિસ્ટરો જો કોઈ મુંબઈમાં હોય તો તેમને સારુ એક નાનો સરખો અનુભવ અહીં ટાંકું છું.

ગીરગામમાં મકાન હતું છતાં હું જવલ્લે જ ગાડીભાડું ખરચતો. ટ્રામમાં પણ ભાગ્યે જ બેસતો. ગીરગામથી ઘણેભાગે નિયમસર ચાલીને જતો. તેમાં ખાસી ૪૫ મિનિટ લાગતી. ને ઘેર પાછો તો અચૂક ચાલીને જ આવતો. દિવસના તડકો લાગે તે સહન કરવાની શક્તિ કેળવી લીધી હતી. આથી મેં ઠીક પૈસા બચાવ્યા ને મુંબઈમાં મારા સાથીઓ માંદા પડતા ત્યારે હું એક પણ દહાડો માંદો પડ્યો હોઉં એમ મને સ્મરણ નથી. જ્યારે હું કમાતો થયો ત્યારે પણ આમ ઑફિસે ચાલીને જવાની ટેવ મેં છેવટ



'સત્યના પ્રયોગો'માંથી સાભાર